સામયિક એકમ કસોટી

ધોરણ : 6 | વિષય : ગણિત | ડિસેમ્બર, 2020

સમય : 1 કલાક | કુલ ગુણ : 25

(અ.નિ: અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)

અ.નિ. દશાંશ અને શતાંશની સમજ ધરાવે છે.

પ્રશ્ન : 1 માગ્યા મુજબ જવાબ આપો.

1. દશાંશ સ્વરૂપે લખો : $700 + 20 + \frac{9}{100}$ **[1]**
2. શબ્દોમાં લખો : 11.08 **[1]**
3. સ્થાનકિંમત કોષ્ટક બનાવીને લખો : 18.65 **[2]**
4. અતિસંક્ષિપ્ત સ્વરૂપમાં લખો : 0.25 **[1]**

અ.નિ. દશાંશ અપૂર્ણાંકની સરખામણી કરે છે.

પ્રશ્ન : 2 નાની મોટી સંખ્યા માટે < કે > નું યોગ્ય નિશાન કરો. **[5]**

1. 0.5 ___ 0.6
2. 4 ____ 0.9
3. 0.4 _____ 0.04
4. 1.531 ___ 1.590
5. 6.64 ___ 6.603

અ.નિ. દશાંશ અપૂર્ણાંકનું સાદા અપૂર્ણાંકમાં અને સાદા અપૂર્ણાંકનું દશાંશ અપૂર્ણાંકમાં રૂપાંતર કરે છે.

પ્રશ્ન: 3 દશાંશ અપૂર્ણાંકમાં રૂપાંતર કરો.

1. 500 ગ્રામ **[1]**
2. 4 મીટર 55 સેમી **[2]**
3. 60 રૂપિયા 80 પૈસા **[2]**

અ.નિ. રોજિંદી પરિસ્થિતિમાં દશાંશ અપૂર્ણાંકવાળી સંખ્યાના સરવાળા - બાદબાકી કરી સમસ્યા ઉકેલે છે.

પ્રશ્ન: 4 દાખલા ગણો.

1. 280.59 + 24.2 + 38 **[3]**
2. 5.306 - 2.052 **[2]**

અ.નિ. રોજિંદી પરિસ્થિતિમાં દશાંશ અપૂર્ણાંકવાળી સંખ્યાના સરવાળા-બાદબાકી આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.

પ્રશ્ન: 5 સૂચના મુજબ દાખલા ગણો.

1. જિમિલે ગણિતની ચોપડી રૂ. 37.50 અને વિજ્ઞાનની ચોપડી માટે રૂ. 34.60 ખર્ચ્યા. તો જિમિલ દ્વારા ખર્ચવામાં આવેલી કુલ રકમ શોધો. **[2]**
2. વિદિત દરરોજ 30 કિમી 50 મીટરની મુસાફરી કરે છે. તેમાંથી તે 10 કિમી 300 મીટર અંતર રીક્ષા દ્વારા અને બાકી રહેલ અંતર બસ દ્વારા મુસાફરી કરે છે. તો તે બસ દ્વારા કેટલું અંતર કાપે છે. **[3]**

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ: 6 **ગણિત** **જુલાઈ,** 2020

સમય: 1 **કલાક** **કુલ ગુણ:** 25

* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- **Learning Outcome)**

અ. નિ. આપેલ સંખ્યાના અંકોની સ્થાનકિંમત જણાવે છે અને સ્થાનકિંમતના આધારે આપેલ સંખ્યાનું વિસ્તરણ કરે છે.

પ્રશ્ન: 1. માગ્યા મુજબ જવાબ આપો.

1. આપેલ સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવો. (1)
   785320, 9346784, 785640, 9346790
2. સ્થાનકિંમતના આધારે સંખ્યાઓનું વિસ્તરણ કરો. (4)
   (a) 8720435 (b) 549786

અ. નિ. અલ્પવિરામનો ઉપયોગ કરીને ભારતીય / આંતરરાષ્ટ્રીય પદ્ધતિમાં સંખ્યાલેખન કરે છે.

પ્રશ્ન: 2 માગ્યા મુજબ જવાબ આપો.

1. આપેલ સંખ્યામાં અલ્પવિરામનો ઉપયોગ કરી ભારતીય પદ્ધતિમાં સંખ્યાલેખન કરો. 67814532 (1)
2. 2018943માં અલ્પવિરામનો ઉપયોગ કરી ભારતીય પદ્ધતિમાં સંખ્યાલેખન કરી શબ્દોમાં લખો. (2)
3. આપેલ સંખ્યામાં અલ્પવિરામનો ઉપયોગ કરી આંતરરાષ્ટ્રીય પદ્ધતિમાં સંખ્યાલેખન કરો. (2)
   (a) 92107892 (b) 5463108

અ. નિ. ગણતરી સરળ કરવા માટે કૌંસના વિસ્તરણનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન:3 કૌંસનો ઉપયોગ કરી ગણતરી કરો.

1. 11×109 (2)
2. 103×104 (3)

અ. નિ. સંખ્યારેખા પર સંખ્યાનું નિરૂપણ તેમજ સંખ્યાઓના સરવાળા, બાદબાકી અને ગુણાકાર કરે છે.

પ્રશ્ન: 4 માગ્યા મુજબ જવાબ આપો.

1. સંખ્યારેખા પર 5 નું નિરૂપણ કરો. (1)



2. સંખ્યારેખાની મદદથી સરવાળા કરો. $3 + 4$ (2)
3. સંખ્યારેખાની મદદથી બાદબાકી કરો. $8 - 3$ (2)

અ. નિ. પૂર્ણ સંખ્યા વિશેના સરવાળા અને ગુણાકારના ગુણધર્મો જણાવે છે તેમજ ગુણધર્મનો ઉપયોગ કરી ગણતરી કરે છે.

પ્રશ્ન: 5 માગ્યા મુજબ જવાબ આપો.

1. $19 \times (12 + 18) = (19 \times 12) + (19 \times .....)$ (1)
2. સંખ્યાઓનો યોગ્ય રીતે ગોઠવી ગુણાકાર કરો. $8 \times 291 \times 125$ (2)
3. વિભાજનના ગુણધર્મનો ઉપયોગ કરીને ગુણાકાર કરો. 5728×1001 (2)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ 6 | **ગણિત** | **ઑક્ટોબર, 2020**

સમય 1 કલાક | **કુલ ગુણ 25**

અ.નિ. અધ્યયન નિષ્પત્તિ – Learning Outcome

અ.નિ. પેટર્ન દ્વારા એકી, બેકી, વિભાજ્ય, અવિભાજ્ય અને સહઅવિભાજ્ય સંખ્યાઓને ઓળખે છે તથા વિવિધ રીતે વર્ગીકૃત કરે છે.

પ્રશ્ન: 1 માગ્યા મુજબ જવાબ આપો.

(1) 20 થી 30 વચ્ચે આવતી અવિભાજ્ય સંખ્યાઓ લખો. (1)

(2) વિભાજ્યતાની ચાવીની મદદથી 263921 એ 3 વડે વિભાજ્ય છે કે નહીં તે ચકાસો. (1)

(3) 15 અને 37 એ સહઅવિભાજ્ય સંખ્યાઓ છે કે નહીં તે જણાવો. (1)

(4) એક સંખ્યા 5 અને 12 વડે વિભાજ્ય છે તો તે સંખ્યા બીજી કઈ સંખ્યા વડે વિભાજ્ય છે ? (2)

અ.નિ. ચોક્કસ સ્થિતિમાં ગુ.સા.અ. અને લ.સા.અ. નો ઉપયોગ કરે છે.

પ્રશ્ન: 2 માગ્યા મુજબ જવાબ આપો.

(1) ગુ.સા.અ. શોધો : 18, 54, 81 (2)

(2) જુદા જુદા રસ્તાની 3 ટ્રાફિક લાઈટ અનુક્રમે 48 સેકન્ડ, 72 સેકન્ડ અને 108 સેકન્ડ પછી બદલાય છે. જો તે એક સાથે સવારે 7 વાગે બદલાય તો તે ફરીથી એક સાથે ક્યારે બદલાશે ? (3)

અ.નિ. આસપાસના ઉદાહરણ પરથી રેખા, રેખાખંડ, ખુલ્લી અને બંધ આકૃતિ, ખૂણા, ત્રિકોણ, ચતુષ્કોણ, વર્તુળ વગેરે જેવા ભૌમિતિક આકારોનું વર્ગીકરણ કરે છે.

પ્રશ્ન: 3 માગ્યા મુજબ જવાબ આપો.

(1) નીચેની આકૃતિ પરથી આપેલ વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો. (3)



(i) Q, M, O, N, P એ $\overleftrightarrow{MN}$ પરનાં બિંદુઓ છે.

(ii) O અને N એ રેખાખંડ OPના અંત્યબિંદુઓ છે.

(iii) N એ $\overrightarrow{NP}$ અને $\overrightarrow{NM}$ નું ઉદ્ભવબિંદુ છે.

(2) આકૃતિ જોઈને પ્રશ્નોના જવાબ આપો. (2)



(i) આકૃતિમાંના કોઈ પણ બે રેખાખંડોના નામ લખો.

(ii) શિરોબિંદુ C એ કયા બે ત્રિકોણમાં સામાન્ય છે ?

અ.નિ. ત્રિકોણને તેના ખુણા/બાજુઓના આધારે વિવિધ જૂથ / પ્રકારોમાં વર્ગીકૃત કરે છે.

પ્રશ્ન: 4 માગ્યા મુજબ જવાબ આપો.

(1) જોડકા જોડો. (3)

અ	બ
(1) બે બાજુઓના માપ સરખા હોય.	a. વિષમબાજુ ત્રિકોણ
(2) બધી બાજુઓના માપ ભિન્ન હોય.	b. સમબાજુ ત્રિકોણ
(3) ત્રણ બાજુઓના માપ સરખા હોય.	c. સમદ્વિબાજુ ત્રિકોણ

(2) નીચે આપેલ ત્રિકોણનાં પ્રકારના નામ આપો. (2)

(i) $\triangle PQR$ કે જેમાં $M\angle Q = 90^\circ, m\angle P = 45^\circ, m\angle R = 45^\circ$

(ii) $\triangle ABC$ માં જેમાં $m\angle A = 30^\circ, m\angle B = 70^\circ, m\angle C = 80^\circ$

અ.નિ. પૂર્ણાંક સંખ્યાઓને લગતા સરવાળા-બાદબાકીના દાખલા ગણે છે.

પ્રશ્ન: 5 માગ્યા મુજબ જવાબ આપો.

(1) (-20) થી મોટી ચાર ઋણ પૂર્ણાંક સંખ્યા લખો. (1)

(2) સંખ્યારેખાનો ઉપયોગ કરી સરવાળા કરો. (2)

(-8) + 10

(3) સંખ્યારેખાના ઉપયોગ વગર બાદબાકી કરો. (2)

(-18) - (20)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-6 | ગણિત | તા.25/02/2022

સમયઃ 1 કલાક | કુલ ગુણઃ 25

પ્રશ્ન-1 માગ્યા મુજબ ગણતરી કરો.

(1) એક લંબચોરસ મેદાનની લંબાઈ 350 મીટર અને પહોળાઈ 175 મીટર છે. રૂપિયા 25 પ્રતિ મીટરના દરે મેદાનની ફરતે વાડ કરવાનો ખર્ચ શોધો. (2)

(2) 35 સેમી લંબાઈ અને 22 સેમી પહોળાઈ ધરાવતી ફોટોફ્રેમની 1 ફ્રેમ એવી 5 ફ્રેમ માટે કેટલી લંબાઈની લાકડાની પટ્ટી જોઈએ ? (2)

(3) રઝિયાના ચોરસ હાથરૂમાલની પરિમિતિ 60 સેમી છે. તો તેના હાથરૂમાલની લંબાઈનું માપ શોધો. (1)

પ્રશ્ન-2 માગ્યા મુજબ ગણતરી કરો.

(1) 420 મીટર લંબાઈ અને 350 મીટર પહોળાઈ ધરાવતી લંબચોરસ જમીન પર પ્રતિ સો ચોરસ મીટરે રૂપિયા 9 લેખે લાદી બેસાડવાનો ખર્ચ કેટલો થાય ? (2)

(2) એક પ્લોટની લંબાઈ 8 મીટર અને પહોળાઈ 6 મીટર છે. તેમાં 1 મીટર લંબાઈ ધરાવતા 7 ચોરસ ક્યારા બનાવ્યા છે. તો પ્લોટના ક્યારા સિવાયના બાકીના ભાગનું ક્ષેત્રફળ કેટલું થાય ? (3)

પ્રશ્ન-3 સમીકરણનો ઉકેલ શોધો.

(1) $7a = 70$ (1)

(2) $6x + 4 = 76$ (3) $\frac{b}{2} + 2 = 16$ (4)

પ્રશ્ન-4 માગ્યા મુજબ જવાબ આપો.

(1) નીચે આપેલ સંખ્યાઓ પ્રમાણમાં છે કે નહિ તે નક્કી કરો. (3)

(અ) 20, 60, 25, 75 (બ) 11, 121, 12, 120 (ક) 32, 48, 36, 54

(2) 45 સેમી અને 3 મીટરનો તેમજ 30 સેકન્ડ અને 4 મિનિટનો ગુણોત્તર પ્રમાણમાં છે ? શા માટે? (2)

પ્રશ્ન-5 માગ્યા મુજબ ગણતરી કરો.

(1) 8 હેકટર જમીનમાંથી 360 ક્વિન્ટલ ઘઉંનું ઉત્પાદન થાય છે. તો 540 ક્વિન્ટલ ઘઉંનું ઉત્પાદન કરવા માટે કેટલા હેકટર જમીનની જરૂર પડે ? (2)

(2) રાજેશ રૂ. 2400 માં 6 શર્ટ ખરીદે છે અને રાહુલ 7 શર્ટ રૂ. 2450 માં ખરીદે છે, તમે કહી શકશો કે કોણે શર્ટ સસ્તામાં ખરીદ્યું ? (3)

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ.ક્રમાંક	વિધાન
1	M617.3	પરિમિતિ આધારિત વ્યવહારું કોયડા ઉકેલે છે.
2	M617.7	ક્ષેત્રફળ આધારિત વ્યવહારું કોયડા ઉકેલે છે.
3	M607.4	ચલની અભિવ્યક્તિથી રચેલ સમીકરણને ઉકેલે છે.
4	M608.3	પ્રમાણની સમજ દર્શાવે છે.
5	M609	વિવિધ સમસ્યાના ઉકેલ માટે એકાત્મક પદ્ધતિનો ઉપયોગ કરે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-6 ગણિત તા.12/01/2022

સમયઃ 1 કલાક કુલ ગુણઃ 25 ગુણ

પ્રશ્ન-1 માંગ્યા મુજબ જવાબ આપો.

(1) નીચેની સંખ્યાઓને સંખ્યારેખા પર દર્શાવો. (3)

(1) 0.6 (2) 1.8 (3) 2.5

(2) આપેલ સંખ્યારેખા પર બિંદુઓ A અને B કઈ સંખ્યાનું નિરૂપણ કરે છે તે જણાવો. (2)



પ્રશ્ન-2 માગ્યા મુજબ જવાબ આપો.

(1) દશાંશ સ્વરૂપમાં લખો. (3)

(1) 3 રૂપિયા અને 5 પૈસા (2) 12 કિમી અને 70 મીટર (3) 7 મીટર અને 5 સેમી

(2) સાદા અપૂર્ણાંકમાં દર્શાવો. (2)

(1) 3.05 (2) 18.020

પ્રશ્ન-3 માગ્યા મુજબ ગણતરી કરો.

(1) નિશાએ 6 કિગ્રા 250 ગ્રામ બટાકા, 2 કિગ્રા 300 ગ્રામ ટમેટા અને 4 કિગ્રા 400 ગ્રામ ડુંગળી ખરીદી, તો નિશાએ ખરીદેલી વસ્તુઓનું કુલ વજન શોધો. (2)

(2) મહેશ દરરોજ 32 કિમી 50 મીટરની મુસાફરી કરે છે. તેમાંથી તે 22 કિમી 400 મીટર અંતર બસ દ્વારા, 6 કિમી 600 મીટર રીક્ષા દ્વારા અને બાકી રહેલ અંતર પગપાળા પૂરું કરે છે. તો તેણે પગપાળા કેટલું અંતર કાપ્યું હશે ? (3)

પ્રશ્ન-4 નીચે આપેલ ચિત્ર આલેખના આધારે પ્રશ્નોના જવાબ આપો. [5]

મનપસંદ રંગ	વિદ્યાર્થીઓની સંખ્યા ☺ = 5 વિદ્યાર્થી
લાલ	☺☺☺☺☺
પીળો	☺☺☺☺☺☺
સફેદ	☺☺☺
કાળો	☺☺
વાદળી	☺☺☺☺
કેસરી	☺☺☺☺☺

(1) વાદળી રંગ કેટલા વિદ્યાર્થીઓને ગમે છે ?

(2) કયો રંગ સૌથી વધારે વિદ્યાર્થીઓને ગમે છે ?

(3) સફેદ રંગ કેટલા વિદ્યાર્થીઓને પસંદ છે ?

(4) કયો રંગ 10 વિદ્યાર્થીઓ પસંદ કરે છે ?

(5) કયા બે રંગ સરખી સંખ્યાના વિદ્યાર્થીઓને ગમે છે ?

પ્રશ્ન-5 **એક વાચનાલયમાં છ દિવસ દરમિયાન વંચાયેલ પુસ્તકોની માહિતી નીચે દર્શાવેલ છે.** [5]

દિવસ	સોમવાર	મંગળવાર	બુધવાર	ગુરુવાર	શુક્રવાર	શનિવાર
વંચાયેલ પુસ્તકોની સંખ્યા	300	450	350	400	500	650

યોગ્ય પ્રમાણમાપ લઈ ઉપરની માહિતીનો લંબ આલેખ દોરો.

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ.ક્રમાંક	વિધાન
1	M605.11	દશાંશ સંખ્યાનું સંખ્યારેખા પર નિરૂપણ કરે છે.
2	M605.12	દશાંશ અપૂર્ણાંકનું સાદા અપૂર્ણાંકમાં અને સાદા અપૂર્ણાંકનું દશાંશ અપૂર્ણાંકમાં રૂપાંતર કરે છે.
3	M606.3	રોજિંદી પરિસ્થિતિમાં દશાંશ અપૂર્ણાંકવાળી સંખ્યાના સરવાળા-બાદબાકી આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.
4	M618.2	માહિતીને અનુરૂપ ચિત્ર આલેખનું અર્થઘટન કરે છે.
5	M618.5	માહિતીને અનુરૂપ લંબઆલેખ દોરે છે

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ: 6 | ગણિત | સપ્ટેમ્બર,2021

સમયઃ 1 કલાક | કુલ ગુણઃ 25

M619 8 અંકો સુધીની સંખ્યાઓ સાથે કામ કરે છે.

પ્રશ્ન-1 માગ્યા મુજબ જવાબ લખો.

(1) 123 ના સોના સ્થાનના અને એકમના સ્થાનના અંકોની અદલાબદલી કરતાં નવી બનતી સંખ્યા કેટલી મોટી કે કેટલી નાની મળે ? (2)

(2) 95432 માં 5 ની સ્થાનકિંમતમાંથી 4 ની સ્થાનકિંમત બાદ કરતાં કઈ સંખ્યા મળે ? (2)

(3) 5,02,324 ને શબ્દોમાં લખો. (1)

M620.3 પૂર્ણ સંખ્યા વિશેના સરવાળા અને ગુણાકારના ગુણધર્મો જણાવે છે તેમજ ગુણધર્મોનો ઉપયોગ કરી ગણતરી કરે છે.

પ્રશ્ન-2 માગ્યા મુજબ જવાબ લખો.

(1) યોગ્ય રીતે ગોઠવી ગુણાકાર શોધો. (2)

$4 \times 1853 \times 25$

(2) રમેશભાઈએ તેમની ટ્રક (ખટારા)માં સોમવારે 60 લિટર અને મંગળવારે 40 લિટર ડીઝલ પૂરાવ્યું. જો ડીઝલની કિંમત 85 રૂપિયા પ્રતિ લિટર હોય, તો તેમણે ડીઝલ માટે કેટલો ખર્ચ કર્યો ? (3)

M602.4 આપેલ સંખ્યાના સામાન્ય અવયવ અને સામાન્ય અવયવી શોધે છે.

પ્રશ્ન-3 માગ્યા મુજબ ગણતરી કરો.

(1) 7 એ કઈ બે સંખ્યાઓનો સામાન્ય અવયવ છે? (1)

(2) 20 અને 25 ના સામાન્ય અવયવો લખો. (2)

(3) 3 અને 5 ના પ્રથમ ત્રણ સામાન્ય અવયવી લખો. (2)

M603.2 લ.સા.અ. શોધે છે તેમજ તેને લગતા વ્યાવહારિક દાખલા ગણે છે.

પ્રશ્ન 4 માગ્યા મુજબ ગણતરી કરો.

(1) 40 અને 60 નો લ.સા.અ. શોધો. (2)

(2) ત્રણ અંકની સૌથી નાની સંખ્યા કઈ મળે કે જે 12, 18, 24 થી વિભાજ્ય હોય ? (3)

M610.7 ત્રિકોણની સામાન્ય સમજ દર્શાવે છે.

પ્રશ્ન-5 યોગ્ય વિકલ્પ પસંદ કરો. [5]

(1) સૌથી ઓછી બાજુ ધરાવતો બહુકોણ કયો છે?

(અ) પંચકોણ (બ) લંબચોરસ (ક) ચોરસ (ડ) ત્રિકોણ

(2)



કયું બિંદુ ત્રિકોણનું શિરોબિંદુ નથી ?

(અ) Z (બ) A (ક) B (ડ) C

(3)



કયું બિંદુ ત્રિકોણ પરનું બિંદુ નથી ?

(અ) X (બ) Y (ક) Z (ડ) W

(4)



Δ ABC અને Δ BCD માં કયાં શિરોબિંદુઓ સામાન્ય છે ?

(અ) A અને D (બ) B અને C (ક) A અને B (ડ) B અને D

(5) કઈ આકૃતિમાં બિંદુ P એ ત્રિકોણના અંદરના ભાગમાં છે ?

(અ)



(બ)



(ક)



(ડ)



સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : 6 **ગણિત** **જુલાઈ, 2021**

સમય : 2 કલાક **કુલ ગુણ : 50**

L.O. 1000 થી મોટી સંખ્યાઓની સ્થાનકિંમતના આધારે સરખામણી કરે છે.

પ્રશ્ન-1 માગ્યા મુજબની વિગત આપો.

1. નીચે આપેલ સંખ્યાઓને અંકમાં લખી તેમને ચડતા ક્રમમાં લખો. **(3)**
   - (i) સત્તાણું લાખ બાવન હજાર ત્રણસો ચોપન
   - (ii) નેવું લાખ પચ્ચીસ હજાર બસો ચોવીસ
   - (iii) સત્તાણું લાખ પાંચસો સડસઠ
2. 3, 0, 7, 9, 4 અંકોનો માત્ર એક વખત ઉપયોગ કરી બનતી પાંચ અંકની સૌથી મોટી સંખ્યા અને સૌથી નાની સંખ્યા લખો. **(2)**

L.O. આસપાસના પર્યાવરણમાં રચાતા ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરુકોણ સ્વરૂપે દર્શાવે છે.

પ્રશ્ન-2 માંગ્યા મુજબ જવાબ આપો.

1. નીચે આપેલ ઘડિયાળના કાંટા વચ્ચે કયો ખૂણો બને છે તે જણાવો. **(2)**

(i)

(ii)

2. ANSH માંના શબ્દોને લખી તેમાં દેખાતાં ખૂણાઓની સંખ્યા જણાવો. **(3)**
   - (i) કાટકોણ ખૂણાઓની સંખ્યા - _____
   - (ii) કાટકોણથી નાના ખૂણાઓની સંખ્યા - _____
   - (iii) કાટકોણથી મોટા ખૂણાઓની સંખ્યા - _____

L.O. આસપાસના પર્યાવરણમાં જોવા મળતી વસ્તુઓના ક્ષેત્રફળ અને પરિમિતિની સરખામણી કરે છે.

પ્રશ્ન-3 માગ્યા મુજબ જવાબ આપો.

1. આપેલ આકૃતિઓની પરિમિતિ શોધો. **(2)**

(i)



(ii)



2. 4 સેમી લંબાઈવાળા ચોરસનું ક્ષેત્રફળ શોધો. 8 સેમી લંબાઈ અને 2 સેમી પહોળાઈવાળા લંબચોરસનું ક્ષેત્રફળ શોધો. બંનેનો તફાવત કેટલો મળશે ? **(3)**

L.O. અપૂર્ણાંક આધારિત વ્યવહારુ કોયડાઓ ઉકેલે છે.

પ્રશ્ન-4 માગ્યા મુજબ જવાબ આપો.

1. અનુજભાઈ પોતાની શેરીનાં ત્રણ બાળકોને 80 નોટબુકો નીચે પ્રમાણે વહેંચે છે. તો દરેકને કેટલામો ભાગ નોટબુક મળે તે અપૂર્ણાંકમાં લખો. **(3)**

બાળક	નોટબુક	અપૂર્ણાંક
1	25	
2	15	
3	40	

2. મહેશે એક શહેરમાં પહોંચવા માટે $3\frac{1}{2}$ કિમી બસ મારફત મુસાફરી કરી. પછી તે $1\frac{1}{8}$ કિમી ચાલ્યો. તો તેણે શહેરમાં પહોંચવા કેટલી મુસાફરી કરી? **(2)**

L.O. સંખ્યામાં જોવા મળતી પેટર્ન ઓળખે છે, વિસ્તારે છે અને તે મુજબની પેટર્ન રચે છે.

પ્રશ્ન-5 માગ્યા મુજબ જવાબ આપો.

1. પેટર્નને આગળ વધારો. **(2)**
   (i) 1, 4, 9, 16, 25, _____ , _____ , _____
   (ii) 1, 2, 4, 7, 11, _____ , _____
2. જો A થી Z ને 1 થી 26 અંક સાથે અનુક્રમે સાંકળીએ તો નીચે આપેલ નામના શબ્દોનો સરવાળો કેટલો થાય તે શોધો. **(3)**
   (i) OMKAR (ii) AASHI (ii) MALAY

L.O. આપેલ સંખ્યાના સામાન્ય અવયવ અને અવયવી આપે છે.

પ્રશ્ન-6 માગ્યા મુજબ જવાબ આપો.

1. નીચે આપેલ સંખ્યાઓના પ્રથમ 3 સામાન્ય ગુણક લખો. **(3)**
   (i) 3 અને 4 (ii) 5 અને 10 (iii) 8 અને 12
2. આપેલ સંખ્યાના અવયવો આપો. **(2)**
   (i) 36 (ii) 75

L.O. નકશાઓમાં ચિન્હો, સંજ્ઞાઓ, દિશાના આધારે કોઈ વસ્તુ કે સ્થળનું સ્થાન દર્શાવે છે અને તેનું અર્થઘટન કરે છે. **(05)**

પ્રશ્ન-7 આકૃતિ જોઈ નીચેના પ્રશ્નોના જવાબ આપો.



1. રેલ્વે સ્ટેશન કઈ દિશામાં આવેલું છે ?
2. મંદિર કયા ખૂણામાં આવેલું છે ?
3. ઉત્તર દિશામાં શું આવેલું છે ?
4. દવાખાનું કયા ખૂણામાં આવેલું છે ?
5. વાયવ્ય ખૂણામાં શું આવેલું છે ?

L.O. નાણું, લંબાઈ, વજન, ગુંજાશ અને સમય આધારિત કોયડાઓ ગણિતની ચાર મૂળભૂત ક્રિયાઓના ઉપયોગ દ્વારા ઉકેલે છે.

પ્રશ્ન-8 માગ્યા મુજબ જવાબ આપો.

1. રેશ્મા 2 કિલો બટાકા રૂ. 30 ના ભાવે, 2 કિલો ટામેટા રૂ. 45ના ભાવે અને રૂ. 100 ના 1 કિલો ભાવે 500 ગ્રામ સફરજન લીધા. તો તેણે દુકાનદારને કેટલા રૂપિયા ચૂકવ્યા હશે ? **(3)**
2. એક પાત્રમાં 7 લિટર અને 500 મિલિલિટર કેરીનો રસ ભરેલો છે. તેમાંથી 250 મિલિલિટરના કેટલા વાટકા ભરી શકાય ? **(2)**

L.O. સ્તંભ આલેખ પરથી માહિતીનું અર્થઘટન કરે છે.

પ્રશ્ન-9 મોનિકાએ ધોરણ-6 ની વાર્ષિક પરીક્ષામાં વિવિધ વિષયોમાં ૧૦૦માંથી મેળવેલ ગુણ અહીં સ્તંભાઆલેખ દ્વારા દર્શાવેલ છે. તેના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો. **(05)**



1. મોનિકાને કયા વિષયમાં સૌથી વધારે ગુણ મળેલ છે ?
2. મોનિકાને સામાજિક વિજ્ઞાનમાં કેટલા ગુણ મળેલ છે ?
3. કયા બે વિષયમાં મોનિકાને સરખા ગુણ મળેલ છે ?
4. મોનિકાને ગુજરાતીમાં કેટલા ગુણ મળેલ છે ?
5. મોનિકાને 70 ગુણ કયા વિષયમાં મળેલ છે ?

L.O. એકત્ર કરેલી માહિતીને કોષ્ટક સ્વરૂપે દર્શાવે છે.

પ્રશ્ન-10 માંગ્યા મુજબ જવાબ આપો. **(05)**

30 વિદ્યાર્થીઓના વર્ગમાં એક પરીક્ષામાં વિદ્યાર્થીઓએ મેળવેલ ગ્રેડ નીચે મુજબ છે.

આવૃત્તિ ચિહ્નનો ઉપયોગ કરીને આ ગ્રેડને કોષ્ટકમાં ગોઠવો.

B, C, C, E, A, C, B, B, D, D
D, D, B, C, C, C, A, C, B, E
A, D, C, B, E, C, B, E, C, D